# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૩૨૫૯ તા.૩૦/૦૮/૨૦૨૨

**પરિપત્ર- ૨૮૦૦**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન તમામ કોલેજો/પીજી કેન્દ્રો અને ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ/કૉ-ઓર્ડીનેટરશ્રીઓ અને વિદ્યાર્થીઓને જણાવવાનું કે. યુનિવર્સિટી દ્વારા સ્થાપિત સ્વામી વિવેકાનંદ ચેર એ સ્વામી વિવેકાનંદના જીવન અને તેમના પ્રેરક પ્રસંગો વિષે ખાસ વિદ્યાર્થીઓ અને સમાજ સુધી પહોચડવાનું પ્રેરક કાર્ય કરી રહી છે. ખાસ દરેક વ્યક્તિ સ્વામીજીના જીવનદર્શનને સમજે અને તેમાથી પ્રેરણા લે એવો આ ચેરનો ધ્યેય છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન સ્વામી વિવેકાનંદ ચેર દ્વારા આગામી ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ગોધરા ખાતે નેશનલ કક્ષાના સેમિનાર: **(વિષય: "Role of Swami Vivekananda in youth integration, Education & Nation building" યુવા સંકલન, શિક્ષણ અને રાષ્ટ્ર નિર્માણમાં સ્વામી વિવેકાનંદજીનો ફાળો)** આયોજિત કરેલ છે. આ રાષ્ટ્રીય કક્ષાના પ્રોગ્રામમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન દરેક કોલેજ વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરે તે જોવાનું રહેશે. આવો એક નેશનલ સેમિનાર આગામી દર વર્ષે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વામી વિવેકાનંદ ચેરના માધ્યમથી અલગ અલગ જગ્યાએ આયોજિત થશે. આ માટે આચાર્યશ્રીએ દરેક કોલેજમાંથી વધુમાં વધુ ૧૫ વિદ્યાર્થીઓ અને બે અધ્યાપકશ્રીઓ સહભાગી બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ કાર્યક્રમમાં ગુજરાતના અને ગુજરાત બહારના કોઈપણ વ્યક્તિ, વિદ્યાર્થી કે અધ્યાપકશ્રી ભાગ લઈ શકશે. જો સંખ્યા વધુ થશે તો વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અંગે જાણ કરવામાં આવશે. આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે કોઈ ફી રાખેલ નથી, સાથે ભોજન અને અલ્પાહારનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે. ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. આવવા જવાનો ખર્ચ જે-તે વિદ્યાર્થીઓએ અથવા સંસ્થા કે કોલેજ દ્વારા ભોગવવાનો રહેશે. ભાગ લેવા માટે નીચેની ગૂગલ ફોર્મ લિંક પર વિગતો ભરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહશે. ભાગ લેવા માટેની લિંક: **https://forms.gle/GH7uakgFBYFKHQfj6** આ નેશનલ સેમિનારમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પોતાના રિસર્ચ પેપર કે રીવ્યુ પેપર રજૂ કરી શકશે. જેના વિષયોની સૂચિ નીચે મુજબ યાદીમાં આપેલી છે. પેપરનો સારાંશ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાને **publicationsggu@gmail.com** પર વધુમાં વધુ 300 શબ્દોમાં ટાઇટલ, લેખક-લેખકોના નામ, સંસ્થાનું નામ અને સરનામાં સાથે તા. ૧૦/૦૯/૨૦૨૨ સુધીમાં મોકલી આપવાનો રહેશે. આ સારાંશ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં એમ. એસ. વર્ડ ફોર્મેટમાં ( ગુજરાતી અને હિન્દી માટે શ્રુતિ ફૉન્ટ –ફૉન્ટ સાઇઝ ૧૦ તથા અંગ્રેજી ભાષા માટે **Times New Roman**, ફોન્ટ સાઇઝ ૧૨ મુજબ ) મોકલી આપવાના રહેશે. સારાંશ બુક **ISBN** સાથે પ્રકાશિત કરવામાં આવશે. વધુ માહિતી માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના સ્વામી વિવેકાનંદ ચેરના કોર્ડિનેટર **ડો. દિપ્તીબેન સોની (મો.9426362789), ડો. રાજેશ કગરાણા (મો. 9825581255), ડો. રૂપેશ નાકર (મો. 8141431462), ડો. સ્નેહાબેન વ્યાસ (મો. 9427619340) અથવા મિત સોની (મો. 8160616132)** નો સંપર્ક કરવો. સ્વામી વિવેકાનંદ ચેર (શ્રી ગોવિંદ ગુરુ યુનિ.ગોધરા) દ્વારા આયોજિત નેશનલ સેમિનાર **"Role of Swami Vivekananda in youth integration, Education & Nation building" (યુવા સંકલન, શિક્ષણ અને રાષ્ટ્ર નિર્માણમાં સ્વામી વિવેકાનંદજીનો ફાળો)** માં પેપર રીડિંગ કરવા માટેના માર્ગદર્શક વિષયોની સૂચિ :

(1) સ્વામી વિવેકાનંદ અને રાષ્ટ્રીય જાગરણ/રાષ્ટ્રવાદ
(2) સ્વાતંત્ર્ય સૈનિકો અને ક્રાંતિવીરો પર સ્વામી વિવેકાનંદનો પ્રભાવ
(3) સ્વામી વિવેકાનંદે વિશ્વને આપેલ ભારતની ઓળખ
(4) સ્વામી વિવેકાનંદ અને ભારતીય સંસ્કૃતિ
(5) સંસ્કૃત સાહિત્યમાં સ્વામી વિવેકાનંદ
(6) યુવાનોના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદ
(7) સ્વામી વિવેકાનંદ અને કેળવણી
(8) સ્વામી વિવેકાનંદના સ્ત્રી - શિક્ષણ અંગેના વિચારો
(9) સ્વામી વિવેકાનંદના ભગવદ્ગીતા અને ઉપનિષદો વગેરે ગ્રન્થ પરના વિચારો
(10) સ્વામી વિવેકાનંદના સ્વપ્નનું ભારત
(11) સ્વામી વિવેકાનંદ ગરીબો, વંચિતો અને શોષિતોના ઉદ્ધારક
(12) સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન
(13) સ્વામી વિવેકાનંદનું ભારતભ્રમણ અને તેનો પ્રભાવ
(14) સ્વામી વિવેકાનંદના વિદેશપ્રવાસો અને તેનો પ્રભાવ
(15) સ્વામી વિવેકાનંદના મતે રાષ્ટ્રના વિકાસમાં યુવાનોનો ફાળો
(16) સ્વામી વિવેકાનંદના ધર્મ અને આધ્યાત્મિકતા વિશેના વિચારો
(17) સ્વામી વિવેકાનંદનું રાષ્ટ્રીય ચિંતનમાં પ્રદાન
(18) સ્વામી વિવેકાનંદ અને બાળકેળવણી
(19) સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ મિશન-મઠની પ્રવૃત્તિઓ
(20) સ્વામી વિવેકાનંદ અને વિશ્વધર્મ પરિષદ્
(21) સ્વામી વિવેકાનંદ અને ગુરુભક્તિ
(22) સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગો
(23) સ્વામી વિવેકાનંદ અને જીવનમૂલ્યો
(24) સ્વામી વિવેકાનંદ અને વ્યક્તિત્વવિકાસ
(25) સ્વામી વિવેકાનંદ અને આત્મગૌરવ
(26) સ્વામી વિવેકાનંદ અને રાજયોગ-ધ્યાનયોગ

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન તમામ કોલેજો/પીજી કેન્દ્રો અને ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ/કૉ-ઓર્ડીનેટરશ્રીઓ અને વિદ્યાર્થીઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.